ગાંધીનગર સમાચાર

ટી.બી.ના દર્દીઓની તંત્ર સમક્ષ વિગતો છુપાવતા ખાનગી તબીબને નોટીસ

# વાવોલના શ્રમજીવી પિતાની બે દિકરીઓ બોલીવુડની બે ફિલ્મોમાં ચમકશે

**કડીયાકામ કરતા મુસ્તાકીમ શેખની બે રેસલર પુત્રીઓ બોલીવુડના સ્ટાર આમીરખાનની 'દંગલ' અને સલમાનખાનની 'સુલતાન' ફિલ્મમાં અભિનય કરી રહી છે અને ફિલ્મની હિરોઈનને રેસલીંગના દાવપેચ શિખવી રહી છે**

(દર્શન મારૂ)

ગાંધીનગર, તા. ૨૨

વાવોલના શ્રમિક પરિવારની દિકરી બોલીવુડના મહેનત કરી રહી છે. ત્યારે ઘણા બધા ઉભરતા કલાકારો અને યુવાનોને સફળતા મળતી પણ હોય







સિતારાઓને રેસલીંગની તાલીમ આપી રહી છે. મુસ્લીમ પરિવારની બન્ને યુવતીઓ અગાઉ રેસલીંગમાં રાજ્યકક્ષાએ ગોલ્ડમેડલ હાંસલ કર્યો છે. જ્યારે રેસલીંગ ક્ષેત્રે તેજસ્વી કારકિર્દી ધરાવતી મુસ્લીમ પરિવારની આ બન્ને દિકરીઓ ટુંક સમયમાં જ બોલીવુડની ફિલ્મોમાં પણ જોવા મળશે. આમીરખાન દિગ્દર્શીત ફિલ્મ દંગલ અને સલમાનખાનની સુલતાન ફિલ્મમાં અનુષ્કા શર્મા તેમજ આમીરખાનની પુત્રી ફાતીમાને કુસ્તીના દાવપેચ શીખવી રહી છે. આગામી ડિસેમ્બર માસમાં રીલીઝ થનાર આમીરખાનની દંગલ અને સલમાનખાનની સુલતાન ફિલ્મમાં વાવોલની આ બન્ને રેસલર બહેનો ચમકશે.

માયાનગરી મુંબઈની બોલીવુડમાં કામ કરવા અને ફિલ્મી પડદે ચમકવા માટે સૌ કોઈ આતુર હોય છે. યુવાન-યુવતીઓ હાલ નવી ફેશન સાથે મોડલીંગ ક્ષેત્રે કામ કરી આગળ આવવા સતત પ્રયત્નો અને છે. તો ક્યારેક નિરાશા પણ મળતી હોય છે. પરંતુ ગાંધીનગર નજીકના વાવોલની બે મુસ્લીમ સ્પોર્ટસ ગર્લ્સને સામેથી ઓફર મળી હતી અને આ બન્ને બહેનો હાલ વાવોલથી નિકળી મુંબઈમાં ફિલ્મોમાં શુટીંગ કરી રહી છે.

વાવોલ નજીકના નારાયણનગરમાં રહેતા શેખ મુસ્તાકીમ છેલ્લા ૨૪ વર્ષથી પત્ની શખીલાબાનુ અને બે દિકરી અને એક દિકરા સાથે રહે છે. શેખ મુસ્તાકીમ કડીયાકામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. તેમ છતાં કરકસર કરી બન્ને દિકરીઓને ઉચ્ચ અભ્યાસ સાથે રમતગમત ક્ષેત્રે આગળ વધવા હૂંફ અને પ્રેરણા પુરી પાડી રહ્યા છે.

પિતાના સપનાને સાકાર કરવા બન્ને બહેનો શેખ ઝરીના અને શેખ શહાજહા રેસલીંગ (કુસ્તી)માં એક પછી એક સફળતા પ્રાપ્ત કરી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# વિધાનસભાના બજેટસત્રનો તોફાની પ્રારંભ

**રાજ્યપાલના પ્રવચન ટાંકણે કોંગ્રેસનો સૂત્રોચ્ચાર : ''પાટીદારો જેલમાં ભાગીદારો ગેલમાં''**

ગાંધીનગર, તા. ૨૨

રાજ્ય વિધાનસભાના અંદાજપત્ર સત્રના પ્રથમ દિવસે જ કોંગ્રેસે ''પાટીદારો જેલમાં, ભાગીદારો ગેલમાં'' ''ગુજરાતમાંથી ભ્રષ્ટ્રાચાર ભગાવો''ના નારા લગાવી રાજ્યના રાજ્યપાલશ્રીને સંબોધન કરતાં હતા તેમાં અવરોધ ઉભો કર્યો હતો.

ગુજરાત વિધાનસભાગૃહમાં રાજ્યપાલશ્રીએ ગૃહને સંબોધન શરૂ કરતાં જ વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ મુખ્યમંત્રી રાજીનામુ આપેના સૂત્રોચ્ચાર સાથે ધાંધલ શરૂ કરતાં ગૃહમાં હોબાળો મચી ગયો હતો. વિપક્ષ કોંગ્રેસની ધાંધલ વચ્ચે રાજ્યપાલશ્રીએ પોતાનુ પ્રવચન અધરૂ છોડી અને ટુંકાવવાની ફરજ પડી હતી.

ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્રનો તોફાની પ્રારંભ થવા પામ્યો હતો. સત્રના પ્રારંભે પ્રથમ દિવસે જ રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલી ગૃહને સંબોધન કરવાનું શરૂ કર્યુ તેની સાથે જ વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ હર્ષદ ટીબડીયાએ પ્લેકાર્ડ પ્રદર્શિત કરીને 'પાટીદારો જેલમાં, ભાગીદારો ગેલમાં' સૂત્રોચ્ચાર કરતાં

● અનુસંધાન પાન-૭ પર



# ખ-માર્ગને સિકસલેન બનાવવાનુ કામ આરંભાયુ

**૧૦ કરોડ ખર્ચાશે : મહાત્મા મંદિર સાથે જોડાયેલા ખ-માર્ગ પર વાઈબ્રન્ટ સમિટ વેળાએ દેશ વિદેશના મહાનુભાવોની અવરજવરનો દબદબો જોવા મળે છે**

ગાંધીનગર તા ૨૨

શહેરમાં રોડ નેટવર્કને અપગ્રેડ કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે મુખ્ય માર્ગોના નવિનીકરણ બાદ મહાત્મા મંદિર સાથે જોડાયેલા ખ માર્ગને સિકસલેન કરવાનુ કામ આખરે શરૂ કરી દેવામાં આવ્યુ છે. ખ માર્ગને અપગ્રેડ કરવા માટે અંદાજિત ૧૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. વાઈબ્રન્ટ સમિટ વેળાએ પણ આ માર્ગ પર સતત વી વી આઈ પી મહાનુભાવોની અવરજવર રહેતી હોય છે. જયારે છેલ્લા પાંચ વર્ષમાં ખ માર્ગની આસપાસના વિસ્તારનો વિકાસ પણ વિશેષ રીતે થયો હોવાથી આ માર્ગને પણ સિકસલેન બનાવવાનુ કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે.

ગાંધીનગરના રોડ નેટવર્કને અપગ્રેડ કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે.થોડા સમય અગાઉ જ શહેરના ઘ માર્ગના નવિનીકરણનુ કામ પુર્ણ કરવામાં આવ્યુ છે. ઘ માર્ગને ચકાચક

● અનુસંધાન પાન-૭ પર





**રામ ચાહે, લીલા ચાહે** - રામલીલાના ગીતથી દેશમાં લોકપ્રિય બનેલ ગુજરાતની પાર્શ્વગાયિકા ભૂમિ ત્રિવેદી રવિવારની સાંજે શહેરના યુવાનોને ઝુમાવ્યા હતા... ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત શિશિરોત્સવના બીજા દિવસે હિન્દી-ગુજરાતી ફિલ્મના લોકપ્રિય ગીતો રજૂ કરી સૌ શ્રોતાઓને ડોલાવ્યા હતા... **(તસવીર : દિપક જાની)**



**વાર્ષિકોત્સવની મોસમ** - આજકાલ શાળા-કૉલેજ અને છાત્રાલાયોના વાર્ષિકોત્સવની મોસમ પૂરબહાર ખીલી છે... વિવેકાનંદ સંસ્કાર તપોવનના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત અંગકસરતના પ્રયોગો રજૂ કરી વાલીઓ અને અતિથિઓને મંગમુગ્ધ કર્યા હતા... **(તસવીર : કશ્યપ નિમાવત)**

# ટી.બી.ના દર્દીઓની તંત્ર સમક્ષ વિગતો છુપાવતા ખાનગી તબીબને નોટીસ

ગાંધીનગર, તા. ૨૨

ટી.બી. રોગને ભારત સરકારે નોટીફાઈડ રોગની યાદીમાં મુકયા પછી પણ ગાંધીનગર શહેરના એક ખાનગી તબીબ તંત્રથી વિગતો છુપાવતા હોવાનું ધ્યાને આવતાં જિલ્લાતંત્રએ તબીબને નોટીસ ફટકારી છે.

ભારત સરકારે ટી.બી.ને અન્ય રોગની જેમ નોટીફાઈડ કરેલ છે. તેમજ એમસીઆઈ એક્ટ મુજબ ચેપ્ટર પાંચની કલમ ૨ મુજબ ટી.બી.ના કેસને નોટીફાઈડ કરવો ફરજીયાત છે. તે અંતર્ગત આ નોટીસ તંત્રએ આપતાં શહેરના તબીબી જગતમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લા કલેક્ટરશ્રી તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ તમામ ખાનગી ડૉક્ટરોને એક પત્ર પાઠવી આ બાબતે સહયોગ આપવા અપીલ કરી છે. આ ઉપરાંત તબીબો સાથે સેમિનાર યોજીને પણ તે અંગેની જાણકારી આપવામાં આવી છે.

ભારતમાં ટી.બી. હજુ પણ આરોગ્ય માટેની એક વિકટ સમસ્યા છે. ભારતમાં દર વર્ષે ટી.બી.ના આશરે ૨૦ લાખથી વધારે દર્દીઓ નવા પેદા થાય છે અને બે લાખથી વધારે દર્દી આ રોગને કારણે મૃત્યુ પામે છે. માતા મરણના મુખ્ય કારણોમાં પણ ટી.બી. અગ્રેસર ચેપી રોગ છે.

હાલના સંજોગોમાં દર વર્ષે ૧૦ લાખ કરતાં વધારે ટી.બી.ના નિદાન થયેલા દર્દીઓ સર્વેલન્સમાં આવતા નથી તે ધ્યાને રાખી ૨૦૧૨માં ભારત સરકારે અન્ય રોગોની માફત ટી.બી.ને પણ નોટીફાઈડ રોગ તરીકે જાહેર કરેલ છે.

## શહેરમાંથી છેલ્લા એક વર્ષમાં ૨૫૦થી વધુ ટી.બી.ના નવા દર્દી મળ્યા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાંથી વર્ષ ૨૦૧૫માં ૨૫૦થી વધુ દર્દીઓ અને જિલ્લામાંથી ૧૮૮૦ દર્દીઓ ટી.બી.ના શોધી કાઢવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાંથી છેલ્લા ત્રિમાસિક ગાળામાં ૭૦ જેટલા દર્દીઓ મળી આવ્યા હોવાનું અને જિલ્લામાંથી ૪૮૦ દર્દીઓ આ સમયગાળામાં મળી આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાંથી મળેલા ૧૮૮૦ દર્દીઓને હાલ ડોટ સારવાર આ રોગની આપવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં ટી.બી.ના દર્દીઓનું પ્રમાણ જે વસ્તીને આધારે હોવુ જોઈએ તેના કરતાં પણ થોડુક ઓછુ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# આજે પેથાપુર નગરપાલિકાની મતગણતરી સેક્ટર-૧૫માં થશે

ગાંધીનગર, તા. ૨૨

ગઈકાલે યોજાયેલ પેથાપુર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીના મતદાન પછી આજે સવારે નવ વાગે સે. ૧૫ની કોમર્સ કોલેજ ખાતે મતગણતરીનું કામ શરૂ થશે.

મતગણતરીની તમામ તૈયારીઓ પૂર્ણ થઈ છે. નવ ટેબલ પર મતગણતરી હાથ ધરવામાં આવશે તેમ ચૂંટણી અધિકારી શ્રી રાકેશ વ્યાસે જણાવ્યુ છે. બપોરે ૧૨ વાગ્યા સુધીમાં તમામ પરિણામો આવી જશે તેઓ વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

ગઈકાલે યોજાયેલ સામાન્ય ચૂંટણીમાં ૭૫.૧૫ ટકા જેટલુ વિક્રમી મતદાન થયુ છે. આ ચૂંટણી જંગમાં ૪૯ ઉમેદવારોએ ઝંપલાવ્યુ હતુ. મતગણતરી માટે કર્મચારીઓને તાલિમ આપી દેવામાં આવી છે. મતગણતરી સ્થળ પર પોલીસ બંદોબસ્ત પણ સઘન રાખવામાં આવશે.

# શહેરના ૨૦૦ સ્થાનોએથી ડેન્ગ્યુના લારવા મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના સે. ૩, ૪, ૫, ૩૦ અને જી.આઈ.ડી.સી. વિસ્તારો ડેન્ગ્યુ માટે વધુ સંવેદનશીલ બન્યા છે.

આ વર્ષે શહેરમાં મેલેરિયાના ઘટેલા કેસોની સામે ડેન્ગ્યુના કેસો વધતાં તંત્રએ અત્યારથી જ તેની કામગીરી હાથ ધરી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાંથી મળેલા ડેન્ગ્યુના બે કેસોને લઈ તંત્રે ૯ થી ૧૯ ફેબ્રુઆરી દરમ્યાન ખાસ ઝુંબેશ હાથ ધરી હતી. જેમાં ૧૫ હજાર જેટલા ઘરોના ૩૦ હજારથી વધુ પાણીના પાત્રોની ચકાસણી કરતાં ૨૦૫ જેટલા પાત્રોમાં ડેન્ગ્યુના લારવા મળી આવ્યા હતા. જેનો તંત્રએ નાશ કર્યો હતો.

ગત સિઝનમાં ડેન્ગ્યુના શહેરમાં ૧૨૫ થી વધુ કેસ નોંધાયા હતા.

# બાર્ડ પરીક્ષાને અનુલક્ષી આગામી ૨૫મીએ પરીક્ષા સમિતિની બેઠક

ગાંધીનગર તા ૨૨

ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરિક્ષાને આડે હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહયા છે. આગામી તા ૮ માર્ચથી બોર્ડ પરિક્ષાનો પ્રારંભ થવાનો હોવાથી જિલ્લા શિક્ષણ તંત્ર પણ પરિક્ષાલક્ષી આયોજનમાં વ્યસ્ત આવશે.

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૮ માર્ચના રોજથી ધોરણ ૧૦ અને

**પરીક્ષાલક્ષી આયોજન માટે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં પરામર્શ હાથ ધરાશે**

છે. આગામી તા ૨૫ ફેબ્રુઆરીના રોજ પરિક્ષા સમિતિની બેઠક યોજવામાં આવશે. જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં યોજાનારી આ બેઠક દરમિયાન પરિક્ષાને અનુલક્ષી જરૂરી પરામર્શ કરવામાં ૧૨ ની બોર્ડ પરિક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ અંદાજિત ૫૫ હજાર જેટલા વિદ્યાર્થીઓ આ પરિક્ષામાં હાજરી આપશે.

● અનુસંધાન પાન-૭ પર

**મળશે નહી**

ગાંધીનગરના સેક્ટર-૧૭ના પ્રખ્યાત

કાન, નાક, ગળાના સર્જન

**ડો. યશવંત છાટબાર**

તા. ૨૩/૨/૧૬ થી ૧/૩/૧૬ સુધી બહાર જતા હોવાથી મળી શકશે નહિ.

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY

Total Waterproofing Solution

Waterproofing ka champion

**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**

એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

**જગ્યા ભાડે આપવાની છે**

સેક્ટર-૨૮, ૧૦૧/૧/૪, જીઆઈડીસી, જલારામ આઈસ ફેક્ટરી સામે, ગાંધીનગર

(૧) બેઝમેન્ટ માપ - ૧૬૫૦ ફૂટ

(૨) ગ્રાઉન્ડ ફ્લોર માપ - ૧૬૫૦ ફૂટ

(૩) પહેલો માળ માપ - ૧૬૫૦ ફૂટ

તથા આગળનો શો-રૂમ માપ : ફૂટ ૯૦૦

**સંપર્ક ૯૮૨૪૨ ૩૭૦૦૮**

**જગ્યા ભાડે આપવાની છે**

શ્રી સ્કવેર, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર - ગાંધીનગર રોડ

પંપની લાઈનમાં, પેથાપુર

ગ્રાઉન્ડ ફ્લોર - કોર્નર દુકાન

માપ : કારપેટ - ૫૫૦ ફૂટ

**સંપર્ક : ૯૮૨૪૨ ૩૭૦૦૮**

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com